રમેશભાઈ માવજીભાઈ વાગડીયા
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ

350/1, Nayandahalli, Mysore Road,
Bangalore - 560 039. • Cell: 094482 88332
Tel: Off: 080-28600696 • Res: 080-56990184

વિક્રમ સંવત ૨૦૬૧, દશેરા, તા. ૧૩-૧૦-૨૦૦૫

શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજના યુવાન મિત્રો જોગ,

વિષય :૧) ખોંભડી ગામમાં રહેલ સમાજની દરેક સંપત્તિઓ-મિલ્કતોનો વહીવટ એક નેજા હેઠળ થાય તે માટે જાગૃતી.

૨) ખોંભડી પાટીદાર સનાતન સમાજના ધારાધોરણ તેમજ નીતિ-નિયમોનું પાલન.

કોઈ પણ સમાજનું અથવા તો દેશનું ઉન્નતીકરણ કરવું હશે તો સૌ પ્રથમ યુવાનોને ઉભા થવું પડશે. યુવાનોમાં ભગવાને એવી તાકાત અને શક્તિ આપેલી છે કે યુવાન ધારે તો કોઈ પણ કાર્ય કરી શકે છે. માત્ર જરૂરત હોય છે યુવાનો ને સાચી દિશા અને સમજણની અને તેનામાં વિશ્વાસ અને અશ્મિતા જાગૃત કરવાની. અશ્મિતા જાગૃત કરવા માટે યુવાનોને આપણો સાચો ઈતિહાસ કહેવો પડશે. ઈતિહાસ તેને જ કહેવાય જે સત્ય હોય. યુવાનોમાં અશ્મિતા ત્યારે જ જાગૃત થશે જ્યારે તેને ઈતિહાસ જાણીને ખબર પડશે કે હું કોણ છું? મારા વડિલો (પૂર્વજો) કોણ હતા? તેમનો સાચો ધર્મ શું હતો? તેઓ સાચા ધર્મથી કઈ રીતે વિમુખ થઈ ગયા હતા? અને ફરી પાછી આપણા વડિલોમાં જાગૃતિ આવી અને આપણો સાચો ધર્મ સનાતન ધર્મ અપનાવ્યો.

ઉપર જણાવેલ વિષયોને લઈને અને યુવાનોમાં ખરી અશ્મિતા જાગૃત કરવા માટે અને મે જે કાંઈ મારા દાદા **શ્રી રતનશીભાઈ નારણ વાગડીયા** પાસેથી જાણ્યું છે તે આપ યુવાનો સમક્ષ નીચે મુજબ રજુ કરવા માંગુ છું. યુવાનો તેમજ શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજના દરેક સભ્યોને મારી વિનંતી છે કે નીચે જણાવેલ દરેક હકિકતો અને મુદ્દાઓ ઉપર તેઓ ઊંડાણથી મનન અને ચિંતન કરી, શું સાચું છે અને શું ખોટું છે તેનો તાગ મેળવે.

૧) ખોંભડી ગામની નિડરતા

વિક્રમ સંવત ૧૯૮૪માં માનકુવામાં વસતા નિડર વડીલ શ્રી રાજારામ શામજી ધોળુ તેમજ વડિલ શ્રી જીવરાજભાઈ વસતા લીંબાણી અને તેમના પુત્ર શ્રી વાલજી જીવરાજ લીંબાણી તેઓએ સાથે મળીને એક "પીરાણા પોલ" બાબત પેપરો છપાવ્યા. તેની નકલો ગામે ગામ મોકલાવી. આ પેપરમાં છાપવામાં આવેલ કે

I પીરાણા પંથ અર્ધ ઢઢેરો પંથ છે. હિન્દુ કણબીઓને મુસલમાન બનાવવા માટેની પ્રક્રિયાવાળો પંથ છે.

II સૈયદોએ ગાદીપતિ તરીકે બેસાડેલ રામજીકાકાએ ગાદીએ બેઠા પહેલા સુન્નત કરાવેલ છે.

III રામજીકાકા ગાદીએ બેસે ત્યારે સૈયદોનું (મુસલમાનનું) એઠું ખાય છે.

IV રામજી કાકા કલમા પઢે છે.

V મુસલમાનો તાબુત કરે ત્યારે કાંધ દે છે.

Real Patidar Library

https://www.realpatidar.com/library

About Real Patidar books

Real Patidar's mission is to organize the information on Satpanth religion, which is a Nizari Ismaili sect of Shia branch of Islam, and to make it universally accessible and useful. Real Patidar Books helps readers discover the material on Satpanth online while helping authors and researchers in their studies. You can know more by visiting http://www.realpatidar.com

You can resize and move this box in any PDF Application like Adobe Acrobat Reader.

Use the Bookmarks facility in the PDF to directly go to the pages containing Highlights.

For Reference See Pages: 1, 2.
For page numbers, see the page footer. Page numbers are in 'Page x of y' format

References by: RealPatidar.com - Created using: step2-QR-and-3-RM-v11.py

રમેશભાઈ માવજીભાઈ વાગડીયા
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ

350/1, Nayandahalli, Mysore Road,
Bangalore - 560 039. • Cell: 094482 88332
Tel: Off: 080-28600696 • Res: 080-56990184

વિક્રમ સંવત ૨૦૬૧, દશેરા, તા. ૧૩-૧૦-૨૦૦૫

શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજના યુવાન મિત્રો જોગ,

વિષય :૧) ખોંભડી ગામમાં રહેલ સમાજની દરેક સંપત્તિઓ-મિલ્કતોનો વહીવટ એક નેજા હેઠળ થાય તે માટે જાગૃતી.

૨) ખોંભડી પાટીદાર સનાતન સમાજના ધારાધોરણ તેમજ નીતિ-નિયમોનું પાલન.

કોઈ પણ સમાજનું અથવા તો દેશનું ઉન્નતીકરણ કરવું હશે તો સૌ પ્રથમ યુવાનોને ઉભા થવું પડશે. યુવાનોમાં ભગવાને એવી તાકાત અને શક્તિ આપેલી છે કે યુવાન ધારે તો કોઈ પણ કાર્ય કરી શકે છે. માત્ર જરૂરત હોય છે યુવાનો ને સાચી દિશા અને સમજણની અને તેનામાં વિશ્વાસ અને અશ્મિતા જાગૃત કરવાની. અશ્મિતા જાગૃત કરવા માટે યુવાનોને આપણો સાચો ઈતિહાસ કહેવો પડશે. ઈતિહાસ તેને જ કહેવાય જે સત્ય હોય. યુવાનોમાં અશ્મિતા ત્યારે જ જાગૃત થશે જ્યારે તેને ઈતિહાસ જાણીને ખબર પડશે કે હું કોણ છું? મારા વડિલો (પૂર્વજો) કોણ હતા? તેમનો સાચો ધર્મ શું હતો? તેઓ સાચા ધર્મથી કઈ રીતે વિમુખ થઈ ગયા હતા? અને ફરી પાછી આપણા વડિલોમાં જાગૃતિ આવી અને આપણો સાચો ધર્મ સનાતન ધર્મ અપનાવ્યો.

ઉપર જણાવેલ વિષયોને લઈને અને યુવાનોમાં ખરી અશ્મિતા જાગૃત કરવા માટે અને મે જે કાંઈ મારા દાદા **શ્રી રતનશીભાઈ નારણ વાગડીયા** પાસેથી જાણ્યું છે તે આપ યુવાનો સમક્ષ નીચે મુજબ રજુ કરવા માંગુ છું. યુવાનો તેમજ શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજના દરેક સભ્યોને મારી વિનંતી છે કે નીચે જણાવેલ દરેક હકિકતો અને મુદ્દાઓ ઉપર તેઓ ઊંડાણથી મનન અને ચિંતન કરી, શું સાચું છે અને શું ખોટું છે તેનો તાગ મેળવે.

૧) ખોંભડી ગામની નિડરતા

વિક્રમ સંવત ૧૯૮૪માં માનકુવામાં વસતા નિડર વડીલ શ્રી રાજારામ શામજી ધોળુ તેમજ વડિલ શ્રી જીવરાજભાઈ વસતા લીંબાણી અને તેમના પુત્ર શ્રી વાલજી જીવરાજ લીંબાણી તેઓએ સાથે મળીને એક "પીરાણા પોલ" બાબત પેપરો છપાવ્યા. તેની નકલો ગામે ગામ મોકલાવી. આ પેપરમાં છાપવામાં આવેલ કે

I પીરાણા પંથ અર્ધ ઢદેરો પંથ છે. હિન્દુ કણબીઓને મુસલમાન બનાવવા માટેની પ્રક્રિયાવાળો પંથ છે.

II સૈયદોએ ગાદીપતિ તરીકે બેસાડેલ રામજીકાકાએ ગાદીએ બેઠા પહેલા સુન્નત કરાવેલ છે.

III રામજીકાકા ગાદીએ બેસે ત્યારે સૈયદોનું (મુસલમાનનું) એઠું ખાય છે.

IV રામજી કાકા કલમા પઢે છે.

V મુસલમાનો તાબુત કરે ત્યારે કાંધ દે છે.

આ પેપર ખોંભડી આવ્યું ત્યારે ૨૯ જણાનો જુથ તૈયાર થયો તેમાં મુખ્ય વ્યક્તિઓ હતા. સર્વશ્રી

- શ્રી લધારામ ભીમજી રવાણી
- શ્રી શિવજી કાનજી વાઘડીયા
- શ્રી માવજી નાયા રવાણી
- શ્રી હરજી ભીમજી પજવાણી
- શ્રી માધવજી ભીમજી ભગત
- શ્રી અરજણ ખીમજી રવાણી
- શ્રી હરજી અરજણ ચવાણ (મુખી)
- શ્રી નારણ શિવજી વાગડીયા, વિગેરે

આ ૨૯ જણાના જુથે ખોંભડીમાં ફરમાન કર્યુ કે આ પેપર ખોટું હોય તો છાપનારને દંડ થાય નહીં તો રામજી કાકાને આપણી કોમમાંથી રજા દેવાય અને આપણી કોમ માટે તે નકામો છે તેવું જાહેર થાય. રામજી કાકાની જાંચ કરવા માટે ખિડોઈથી કરીને શિયોત સુધીની નાત ખોંભડી ગામે ભેગી થાય એવું નક્કી કરવા માટે નેત્રાવાળા ગેઢેરા શ્રી કરમશી શિવજી નાકરાણીના હાથે એક મુસદો તૈયાર કરવામાં આવ્યો.

આ મુસદામાં ફરમાન કરવામાં આવ્યું કે પેપર છપાવનાર માનકુવાના વ્યક્તિઓ શ્રી રાજારામ શામજી ધોળુ, શ્રી જીવરાજ વસતા લીંબાણી અને શ્રી વાલજી જીવરાજ લીંબાણીને ખોંભડી બોલાવવામાં આવે અને રામજી કાકાને પણ ખોંભડી બોલાવવામાં આવે. ખોંભડી નાત ભેગી થાય તે વચ્ચે રામજી કાકાની પરીક્ષા લેવામાં આવે.

ઉપર જણાવેલ ત્રણ માનકુવાના પટેલો માનકુવાથી મોટી વિરાણીએ આવ્યા. વિરાણીના વડિલો આદ્ય સુધારક શ્રી નારણ રામજી લીંબાણી, શ્રી વિશ્રામ રાજા સોમજીયાણી, શ્રી લાલજી શિવજી નાકરાણી ને મળ્યા. તેની સાથે આઠ ગામ જેવાં કે નખત્રાણા, વિરાણી, કોટડા (જ), સાંગનારા, દેવીસર, અરલ, સુખપર અને આંગિયાનું મંડળ, જે પહેલેથી પિરાણા પંથને નહતુ માનતું, તે ભેગુ થયું. ખોંભડી ગામમાં નાત ભેગી થાય ત્યારે આ આઠ ગામના મંડળનું રસોડું જુદું થાય, તેવી માગણી થઈ અને ખોંભડી ના ૨૯ જણાના જુથે તેમની માટે અલગ રસોડાની વ્યવસ્થા કરી. આ વ્યવસ્થામાં ખોંભડીના મહાજન અને ઠકરાઈઓએ ખૂબ મદદ કરી.

રામજીકાકાનું પણ ખોંભડીમાં આગમન થયું. પણ તેમની પરીક્ષા લેવાય તે પહેલાં કાચું કપાઈ ગયું. નાતના આગેવાનોમાંના દેશલપર વાળા મનજી પટેલ અને ત્યાં હાજર રહેલ તેરાવાળા રતનશી વકીલે આ વાતને વાળી લીધી અને રામજી કાકાની પરીક્ષા થવાની હતી તેનો માંડવાળ કરી સમાધાન કર્યું. કારણ કે નાતના મોટેરાઓને બીક હતી કે રામજી કાકાની સુન્નત વાળી વાત જાહેર થશે તો આપણી આખી કોમ મુસલમાન જાહેર થઈ જશે.

ખોંભડી ગામનો ૨૯ જણાનો જૂથ પણ ત્યાર પછી ભાંગી પડયો અને લગભગ બધાએ આ વિચારધારામાંથી ફસકી પડયા. માત્ર રહ્યા બે નિડર વડિલો શ્રી માધવજી ભીમજી ભગત અને શ્રી નારણ શિવજી વાગડિયા. જેમણે આગળ જતાં લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરની તેમજ ખોંભડી પાટીદાર સનાતન સમાજની સ્થાપના કરી.

વિક્રમ સંવત ૧૯૭૭માં ખોંભડી ગામમાં પહેલી જનોઈ ધારણ કરનાર નિડર વડીલ શ્રી માધવજી ભીમજી ભગત જે મુંબઈમાં રહેતા હતા અને સનાતન ધર્મ અંગીકાર કરીને જનોઈ ધારણ કરેલ તેથી ખોંભડી ગામમાં તેને અને તેના કુટુંબને નાત બહાર કરવાનું નક્કી કરવામાં આવેલ. તે માટે એક મસોધો તૈયાર કરવામાં આવેલ. આમાં બધાએ સહીઓ કરી પણ વડિલ શ્રી નારણ શિવજી વાગડીયાએ આનો વિરોધ કરીને સહી કરવાની ના પાડી. તો નાતે નારણ શિવજી વાઘડીયાને પણ પૂછયું કે

(૧) તું પણ જનોઈ ધારણ નહીં કર?

(૨) ખાનાંમાં દશોંદ-વિશોંદ ભરીશ?

(૩) પિરાણા ધર્મની નિંદા નહી કર? અને

(૪) આ મશોદા ઉપર સહી કરીશ?

તો, તું અમારી સાથે, નહી તો તું પણ માધવજી ભીમજી ભગતની જેમ નાત બહાર. શ્રી નારણ શિવજી વાગડીયાએ સહી કરી નહી તેથી તેને પિરાણા પંથી ગામે શિયાળાની પોષ વદ ૧૩ ને સંવત ૧૯૮૫ ના નાત બહાર કર્યા. તેની સાથે શ્રી લાલજી લધા ભગત પણ નાત બહાર થયા. અંદર પેઠે શ્રી હરજી હીરા ચવાણ સનાતન ધર્મીઓને ટેકો આપતા પણ જાહેરમાં બોલતા ડરતા. નારણ જીવરાજ પજવાણી અને કાનજી વિરજી વાડીયા પણ અંદર પેટે ટેકો આપતા. શ્રી જેઠા હીરજી ઉકાણી અને શ્રી મુળજી શિવજી વાસાણી પણ અંદર પેઠે ટેકો આપતા અને પાછળથી સનાતન ધર્મમાં જોડાઈ ગયેલ.

૨) ઈષ્ટ દેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ મંદિરની સ્થાપના

ત્યાર પછી છેક ૧૮ વરસ પછી વિક્રમ સંવત ૨૦૦૨, વૈશાખ સુદ ૧૫ ને રવિવારના રોજે ખોંભડી ગામમાં આજે જ્યાં આપણી સમાજવાડી છે ત્યાં મંદિરની સ્થાપના થઈ. તત્કાલિન જગ્યા પંથ (સત પંથ સમાજ) નો ઉગ્ર વિરોધ હોવા છતાં મંદિરમાં આપણા ઈષ્ટદેવ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનની પાન મૂર્તિઓ બેસાડવામાં આવી. આખા ખોંભડી ગામનો વિરોધ હોવા છતાં નિડર વડિલ શ્રી નારણ શિવજી વાગડીયાની આગેવાની હેઠળ નીચે જણાવેલ વડિલોએ પાનમૂર્તિની સ્થાપના કરી અને ત્યારે સાથ હતો માત્ર ચાર ઘરનો.

- વડિલ શ્રી માધવજી ભીમજી ભગત
- વડિલ શ્રી હીરજી ભીમજી ભગત
- વડિલ શ્રી મુળજી શિવજી વાસાણી
- વડિલ શ્રી જેઠા હિરજી ઉકાણી
- વડિલ શ્રી લાલજી લધા ભગત
- વડિલ શ્રી મેઘજી શિવજી વાગડિયા
- વડિલ શ્રી રતનશી નારણ વાગડિયા

પણ દુઃખની વાત એ હતી કે ખોંભડી ગામમાં સનાતન ધર્મનો ઝંડો ઉપાડનાર વડિલ, શ્રી નારણભાઈ શિવજી વાગડીયા પાનમૂર્તિની સ્થાપના પહેલાં જ વિક્રમ સંવત ૨૦૦૦ માં સ્વર્ગસ્થ થયા. ગામમાં કોઈનો પણ સાથ ન હોવા છતાં પણ બહારગામથી લગભગ ૩૫૦ મહેમાનો આવેલ હતા. વાંઢાય વાળા સંત શ્રી ઓધવરામજી મહારાજના માર્ગદર્શનથી તેમના શિષ્યો સંત શ્રી દયાલદાસજી અને શ્રી શાંતીદાસજીની હાજરીમાં ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની પાનમૂર્તિની સ્થાપના કરવામાં આવી હતી. બહારગામથી પધારેલા મહેમાનો પૈકી મુખ્ય મહેમાનો હતા. (૧) વિરાણી ગામથી - શ્રી રતનસી ખીમજી ખેતાણી, શ્રી માવજીભાઈ માનાણી, શ્રી પચાણ શિવજી સોમજીયાણી, શ્રી મેઘજી લખમશી પાંચાણી અને

શ્રી વિશ્રામ રાજા સોમજીયાણી. (૨) **કોટડા ગામથી** - શ્રી ભીમજી કેશરા લીંબાણી, શ્રી રતનશી મુળજી લીંબાણી, શ્રી રામજી નારણ મેઘાણી, શ્રી દેવજી વિશ્રામ ડોસાણી, શ્રી મેઘજીભાઈ તેજાણી અને તેમની સાથે ૫૦ જણની વોલિંટર ભાઈઓની ફોજ. (૩) **રસલીયા ગામથી** - શ્રી શિવગણ કાનજી સેંગાણી, શ્રી હીરાલાલ ગોપાલ સાંખલા, શ્રી ગંગદાસ હરજી સેંગાણી, શ્રી લધા મેઘજી લીંબાણી અને શ્રી જેઠાભાઈ પોકાર (૪) **ઉખેડા ગામથી** - શ્રી ખેતાભાઈ માવજી સાંખલા, શ્રી રણમલ માવજી સાંખલા તથા તેમના પિતા શ્રી માવજીભાઈ સાંખલા અને વડિલ શ્રી વાલજીભાઈ લખુ સાંખલા (૫) **ખિરસરા ગામથી** - શ્રી વિશ્રામભાઈ બાથાણી (જેઓ શ્રી નથુભાઈ નાનજીના માસીયાઈ ભાઈ થતા હતા) જેઓએ મંદિરને ૭૦૦ કોરીનું દાન આપ્યુ હતુ. (૬) **મથલ ગામથી** - વડિલ શ્રી પરબતભાઈ લખુ પોકાર ૧૩ જણાનું મંડળ લઈને આવેલ હતા. (૭) **મુળ નખત્રાણા ગામના,** પણ ગુજરાત કંપામાં રહેતા - શ્રી પુંજાભાઈ ખેતશી રૂડાણી, શ્રી વિશ્રામ ભગત વૃધાપુરા કંપાવાળા, શ્રી હંસરાજ મુખી અણીહોર વાળા, શ્રી પચાણ નથુ પોકાર તથા તેમના પિતા શ્રી નથુ બાપા, તળાવટીંબા વાળા (મુળ મથલના)

વિરાણી ગામના વડિલ શ્રી રતનશી ખીમજી ખેતાણીએ ૧,૦૦૦ કોરીનું દાન આપેલ. આવેલ મહેમાનોનું રસોડું શ્રી માધવજી ભીમજી ભગતના આંગણામાં કરવામાં આવેલ. જ્યારે સભા શ્રી નારણ શિવજી વાગડીયાના આંગણામાં કરવામાં આવેલ. સભાનું સંચાલન વિરાણીના વડિલ શ્રી રતનશી ખીમજી ખેતાણીએ કર્યુ હતુ અને સભાના પ્રમુખ હતા. મથલના વડિલ શ્રી પરબતભાઈ લખુ પોકાર જ્યારે સ્થાનિક આગેવાન અને સંચાલક હતા શ્રી મુળજીભાઈ ખીમજી વાસાણી.

૩. **શ્રી લક્ષ્મીનારાયણ મંદિરની સ્થાપનાનું કારણ :**

ખોંભડી ગામમાં મંદિરની સ્થાપના અને પાન મૂર્તિની પધરામણી કરવાનું કારણ એજ હતું કે પિરાણા મુકામે વસતા મુસલમાન સૈયદોના નેજા હેઠળ આપણા વિશ્વાસુ પાટીદાર ભાઈઓ પોતાના સનાતન ધર્મ અને હિન્દુ શાસ્ત્રોથી વિમુખ થઈ ને ગુમરાહ થતા રહેલા હતા. તેમાં જાગૃતિ લાવવી હતી.

૪. **એક સામટા ૮૦-૯૦ ઘર સનાતન ધર્મમાં જોડાયા :**

ખોંભડી ગામમાં સંવત ૨૦૦૨ માં મંદિર અને પાન મૂર્તિની સ્થાપના થયા પછી તુરંત ૮ દિવસ પછી નિડર વડીલ શ્રી લધારામ ભીમજી રવાણીની આગેવાની હેઠળ એક સામટા ૮૦-૯૦ ઘર જગ્યા પંથ (સત પંથ) સમાજમાંથી છૂટા પડી **શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજમાં** જોડાયા હતા અને સનાતન ધર્મનો અંગીકાર કર્યો હતો.

૫. **આદ્ય સુધારક શ્રી નારણ રામજી લીંબાણી લિખિત પુસ્તક "પીરાણા સતપંથની પોલ" :**

નિડર વડિલ શ્રી નારણ રામજી લીંબાણી (કોન્ટ્રેકટર) લિખિત પુસ્તક **"પીરાણા સતપંથની પોલ"** જે એક દળદાર પુસ્તક છે. આ વિદ્વાન મહાપુરૂષે આપણી જ્ઞાતિ કણબી ક્ષત્રિયનો પૂરેપૂરો અભ્યાસ કરીને લખે છે કે આપણી જ્ઞાતિ કેવી રીતે પીર ઈમામશાહના ચુંગલમાં આવી ગઈ. તેમનું પુસ્તક **"પીરાણા સતપંથની પોલ"** તેમની દ્વારા જ લેખિત અને પ્રકાશિત થયેલ તેની પ્રથમ આવૃત્તિ વિ. સં. ૧૯૮૨ માં બહાર પાડવામાં આવી હતી. તેની નકલો હવે દુર્લભ છે. આ પુસ્તકના પ્રકરણ છઠ્ઠામાં પાના નંબર ૧૩૫ માં એ વીર પુરૂષ લખે છે કે -

"પીર ઈમામશાહ એક ઈરાની મુસલમાન હતા. હિન્દુ લોકોને ફોસલાવીને તેમને એક અર્ધ ઢઢેરો ધર્મ **"પીરાણા સતપંથ"** ની સ્થાપના કરેલ. આ સૈયદ ઈમામશાહને તેમના પિતાના મૃત્યુ પછી પીર તરીકે ન નીમતાં તેમના કાકા તાજદીનને તે વખતના ઈમામોએ પીર તરીકે માન્ય રાખવાથી, પોતાનું અપમાન થયેલું સમજી, આગાખાની ઈમામોથી છુટા પડી, સૈયદ ઈમામશાહે પોતાનો નવો

પંથ ચાલુ કર્યો હતો કે જે હાલ **"પીરાણા સતપંથ"** ને નામે ઓળખાય છે. અને આ પુસ્તક લખવાનો મારો (નારણબાપાનો) મુખ્ય હેતુ પણ એ બનાવટી પંથમાં ઈમામશાહે તેમના હિન્દુ સેવકોને દુનિયાની નજર આગળ હિન્દુ જેવા રાખી, તેમને ધર્મ તથા કર્મથી ભ્રષ્ટ કરી અર્ધદગ્ધ એટલે કે ન હિન્દુ કે ન મુસલમાન જેવા બનાવવા પોતાની પ્રપંચી જાળ કેવી રીતે પાથરી છે અને આપણા પાટીદાર ભાઈઓને કેવી રીતે મૂર્ખ બનાવ્યા છે. તેનું પોકળ પ્રકાશમાં લાવવા માટેનો જ આ પ્રયત્ન છે એ બાબતનું વિવેચન હવે પછીના પ્રકરણમાં વિસ્તારથી કરવામાં આવેલું છે."

જે ભાઈઓને પિરાણા સતપંથનો ઊંડાણથી અભ્યાસ કરવો હોય તેને "પિરાણા સતપંથની પોલ" નામનું પુસ્તક ગમે ત્યાંથી મેળવી અભ્યાસ કરવો અનિવાર્ય છે.

૬. **સૈયદ ઈમામુદ્દીન ઉર્ફે ઈમામશાહ કોણ હતા અને હિન્દુઓને કેવી રીતે ભોળવતા**

પીરાણા સતપંથના સ્થાપક ઈમામશાહ એક લુચ્ચા અને વિચક્ષણ બુધ્ધિવાળા માણસ હતા. તેઓ બરાબર જાણતા હતા કે હિન્દુ પાટીદાર ભાઈઓ કેવી રીતે તેમને માનશે. "પીરાણ સતપંથ પોલ" પુસ્તકમાં આદ્ય સુધારક વડિલ શ્રી નારાણ રામજી લીંબાણી પાના નંબર ૧૪૫-૧૪૬-૧૪૮માં લખે છે કે :

"સંવત ૧૫૧૨ ની સાલમાં આલમ શાહના વંશના મહમદ ભુખરીની બેટી ખતીજાબીબી (સૈયદ મહમદ બુખારી-ભડીયાદવાળાની પુત્રી) સાથે ઈમામશાહની શાદી થઈ અને સંવત ૧૫૨૪માં પીરાણાની દરગાહનો તેમણે પાયો નાખ્યો. તેમને ચાર પુત્રો અને એક શમ્સ ખાતુન નામની પુત્રી થઈ.

ઈમામશાહના મોટા પુત્ર આલમશાહ ઉર્ફે ખાલકશાહની દરગાહ ગુજરાતના કડી પ્રાંતમાં પાટણ શહેરમાં આવેલી છે. એ દરગાહ "સેદખાની" વંશજોને તાબે છે. તેમના મુરીદો દશોંદના રૂપિયા સેદખાની સૈયદોને આપે છે. કંદોઈ, ભાવસાર, મોઢ ઘાંચી વિગેરેને તેઓએ વટલાવીને તેના મુરીદો બનાવેલ હતા.

ઈમામશાહના બીજા પુત્ર બાકરશાહની દરગાહ અમદાવાદમાં જુના ચારતોડાનાં કબ્રસ્તાન પાસે છે. મુમનાઓ તેમને માને છે. તેમની વસ્તી અમદાવાદના જમાલપુર-તાજપુર માં વિશેષ છે. તેઓ પણ સૈયદોને દશોંદ વિગેરે લાગા આપે છે. પાછળથી કેટલાક મુમનાઓ ઈશના અશરી થયા અને કેટલાક થયા તફજીલીયા. તફજીલીયાની ધર્મક્રિયાઓ સુન્ની જમાતના મુલ્લાંઓજ કરે છે.

ઈમામશાહના ત્રીજા પુત્ર બાલાશાહની દરગાહ ખંભાતના નારંગસર તળાવના કાંઠા ઉપર આવેલી છે. અને તેની બાજુમાં જ તેમની બેન શમ્સખાતુનની કબર પણ આવેલી છે. તેમના મુરીદો "સેદખાની" કહેવાય છે. કુંભાર, ગોલા, કાછીઆ, કડીઆ, વગેરે કોમોને તેઓએ વટલાવી. તેમના મુરીદો બનાવેલા છે. તેઓ દર વરસે દશોંદના રૂપિયા પીરાણાવાળા સૈયદોને આપે છે.

સૈયદ ઈમામુદ્દીન (ઈમામશાહ) પોતાના ચોથા પુત્ર નુર મહંમદ શાહ ને પીરાણા સતપંથના શાસ્ત્રોમાં વિષ્ણુ ભગવાનના અવતાર તરીકે તથા પોતાને (ઈમામશાહ) સદ્ગોર બ્રહ્મા તરીકે ઓળખાવી ગયા છે. નુર મહંમદને હિંદુઓના વિષ્ણુ અને ઈસ્લામીઓના ઈમામ હજરત અલીનો અવતાર મનાવ્યો!

અને નૂર મહંમદની બીબી બુજરખ બેગમને આદ્યશક્તિનો અવતાર મનાવી, તેમણે આગાખાની ઈમામોથી છેક જ છુટા છેડા કરીને પોતાનો સ્વતંત્ર સતપંથ ચલાવ્યો. અને પીરાણા ગામને પોતાના સતપંથીઓમાં પવિત્ર ધામ તરીકે મનાવ્યું.''

૭. **ગાદીપતિ કાકાઓમાં પ્રથમ શાણકાકા**

સૈયદ ઈમામશાહે પ્રથમ જ્યારે હિન્દુઓને પોતાના ધર્મથી તથા કર્મથી ભ્રષ્ટ કરી, મુસલમાન ધર્મમાં ભેળવવા માટે ''સતપંથ'' ધર્મમાં દાખલ કર્યા, ત્યારે તેમની અસલ સ્થિતિમાં જ રહેવા દઈ, ભોળા હિન્દુને મુખ્ય મુજાવર કાકા તરીકે નીમી ગાદીએ બેસાડવાની પ્રથા ચાલુ કરી હતી. ઈમામશાહે પોતાની હયાતીમાં જ પ્રથમ શાણકાકા (લેઉઆ પાટીદાર) કે, જે હંમેશા તેની તહેનાતમાંજ રહેતા હતા, તેને ગાદીએ બેસાડયા હતા. એવા મુજાવર કાકાની મુખ્ય ફરજો હતી :-

- ઈમામશાહે દોરેલા માર્ગ પ્રમાણે હિન્દુઓને વટલાવી મુમના સતપંથી બનાવવાની.
- દશોંદ, વિશોંદ, ચડતર તથા એવા બીજા અનેક લાગાઓ ઉઘરાવી, ઈમામશાહના કુટુંબી સૈયદોને વેંચી આપવા.
- ઈમામશાહના રોજામાં દીવાબત્તી, ધૂપ, લોબાન ઈત્યાદિનો બંદોબસ્ત કરવો.
- પોતે (કાકાએ) સંસારથી વિરક્ત થઈ, બ્રહ્મચારીના વેશે ભગવું ધારણ કરવું તથા પંચકેશ રાખવા.

આ પ્રમાણે સૈયદ ઈમામશાહના ગોઠવેલ કાર્યક્રમ પ્રમાણે તેમના વંશજ સૈયદો, તથા પીરાણા સતપંથ સેવકોની સંમતિથી એવા મુજાવર કાકાના મરણ બાદ બીજા નવા મુજાવર કાકાની ચૂંટણી થતી આવી છે. તેમના ૨૫ નામો ક્રમ પ્રમાણે ''પીરાણા સતપંથની પોલ'' નામના પુસ્તકમાં લખેલા છે. આ પુસ્તકમાં આદ્ય સુધારક નારણ બાપાએ એ પણ સમજાવ્યું છે કે ''સતપંથ ધર્મના ઉપદેશકો, ઈમામો, પીરો, પ્રચારકો અને સંસ્થાપકો કોણ હતા? તેમને શા હેતુથી આ નવા પંથને ''સતપંથ'' એવું એક માત્ર ઉપર ઉપરનું હિન્દુ નામ આપ્યું છે? અને શા કારણથી તેઓ વિષ્ણુ, શક્તિ, બ્રહ્મા, આદિ હિન્દુ દેવતાઓને પણ પોતાના પ્રપંચી શાસ્ત્રોમાં ગોઠવી ઘાલી ભોળા હિન્દુઓને ''સંતપંથ'' ની જાળમાં સંડોવી તેમને છેવટે ક્યા માર્ગે દોરી જાય છે? આવું ઐતિહાસિક પ્રમાણ પત્ર આજના સનાતન ધર્મી પાટીદાર ભાઈઓએ પ્રત્યક્ષ જોઈ અને જાણી લેવું જોઈએ. ''પીરાણા સતપંથની પોલ'' નામનું પુસ્તક વાંચશો તો ખબર પડશે કે બહારથી હિન્દુ દેખાતો અને અંદરપેઠે સમ્પૂર્ણ ઈસ્લામ ''સતપંથ ધર્મ'' ની સ્થાપના કરનાર સૈયદ ઈમામુદ્દીન ઉર્ફે ઈમામશાહ કેવી રીતે પોતાના લુચ્ચા વિચારોથી પોતાના ઈસમાઈલી ઈમામી વાડામાં, ભોળી હિન્દુ પ્રજાને ખેંચી ગયો છે.

૮. **આપણી કોમના મહાપુરૂષોને કોટિ કોટિ પ્રણામ :**

ઉપર જણાવેલ વડિલો જેઓએ સમાજની વિરૂધ્ધ જઈ, સમાજને એક નવો રાહ બતાવ્યો, પિરાણા સતપંથી સૈયદોની ચુંગલમાંથી જ્ઞાતિને ઉગારી એવા મહાપુરૂષોને આપણે કોટિ કોટિ પ્રણામ કરીએ છીએ અને આવા વડિલો ન હોત તો આજે આપણે સૌ હિન્દુ સનાતન ધર્મથી વટલાઈને મુસલમાન બની ગયા હોત. ધન્ય છે એવા વીર પુરૂષો અને વડિલોને.

વિરાણી ગામના સિંહ જેવા વડિલ શ્રી રતનશી ખીમજી ખેતાણીની આગેવાની હેઠળ, નખત્રાણાના વડિલ શ્રી નથુભાઈ નાનજી, કોટડાના વડિલ શ્રી ભીમજી કેસરા લીંબાણી, મથલના વડિલ શ્રી પરબત લખુ પોકાર, સંતશ્રી ઓધવરામજી મહારાજના માર્ગદર્શનથી કચ્છના ગામે ગામે ફરીને શ્રી લક્ષ્મીનારાયણ ભગવનના મંદિરોની સ્થાપના કરવા આપણી સમગ્ર જ્ઞાતિને પ્રોત્સાહન આપી જાગૃત કર્યા હતા.

૯. આખુ ખોંભડી ગામ સનાતન ધર્મી બની ગયું :

ત્યાર પછી થોડા-થોડા સમય અંતરે તબક્કાવાર આપણા ખોંભડી ગામમાં લગભગ બધાયે કુટુંબો જગ્યા પંથ (સતપંથ સમાજ) મૂકીને સનાતન સમાજમાં (લક્ષ્મીનારયણ પંથ) માં જોડાઈ ગયેલ. કારણ એજ હતું કે તેમને બધાને આત્માજ્ઞાન થયુ અને જાગૃતિ આવી કે આપણો ખરો ધર્મ તો સનાતન ધર્મ જ છે અને આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ જ છે. શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજનો પાયો મજબૂત બનાવવામાં તેમજ સમાજનું ઉન્નતિકરણ કરવામાં તત્કાલીન વડિલો સર્વે

શ્રી નથુ માવજી ચવાણ	શ્રી ધનજી વિશ્રામ ચવાણ	શ્રી માવજી શિવજી વાગડિયા
શ્રી મેઘજી શિવજી વાગડિયા	શ્રી લધા માવજી ભગત	શ્રી નાનજી લધા ચવાણ
શ્રી મુળજી લધા ચવાણ	શ્રી જેઠા અરજણ રવાણી	શ્રી કરમશી ખેતા રવાણી
શ્રી હીરાલાલ જેઠા ભાભાણી	શ્રી પેથા રામજી ભાભાણી	શ્રી ખેતા શિવદાસ ભાભાણી
શ્રી રામજી દેવશી પજવાણી	શ્રી કાનજી ભીમજી ભગત	શ્રી ખેતા મેઘજી વાગડિયા
શ્રી નથુ ધનજી રવાણી	શ્રી દેવશી નારણ ભગત	શ્રી માધા જેઠા વાગડીયા

નો પણ મુખ્ય ફાળો હતો.

૧૦. નવા મંદિરમાં શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનની પ્રાણપ્રતિષ્ઠા :

ઈ. સ. ૧૯૭૦ સંવત ૨૦૨૬ ચૈત્ર સુદ ૧૩ ના ખોંભડી ગામમાં નવા મંદિરનું ઉદ્‌ઘાટન થયું અને ધામ-ધૂમથી આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની મૂર્તિઓની પ્રાણ-પ્રતિષ્ઠા થઈ તેની તો આજની યુવા પેઢીને જાણ હશેજ. આ મંદિર બાંધવામાં ઉપર જણાવેલ વડિલોની સાથે સાથે બીજા ઉત્સાહી વડિલો જેવા કે,

શ્રી જેઠા હીરજી ઉકાણી	શ્રી ગોપાલ હરજી પજવાણી	શ્રી દેવશી મનજી સેંગાણી
શ્રી લધા માવજી ભગત	શ્રી નાનજી ગંગદાસ ચવાણ	શ્રી ખીમજી મનજી પજવાણી
શ્રી શિવજી ગોપાલ ભગત	શ્રી નથુ મેઘજી વાગડિયા	શ્રી કરમશી જેઠા ભગત
શ્રી નારણ જેઠા ભગત	શ્રી પેથા માવજી પજવાણી	શ્રી હરજી રૈયા વાઘડિયા
શ્રી કરમશી રૈયા વાઘડિયા	શ્રી નથુ ધનજી રવાણી	શ્રી રામજી લધારામ રવાણી
શ્રી કાનજી ભીમજી રવાણી		

તેમજ અન્ય વડિલો એ ભારે જહેમત ઉઠાવી હતી. ગામના સ્થાનિક ખેડૂત ભાઈઓએ પણ ખૂબજ સાથ આપ્યો હતો. તેમના પરિશ્રમથી આજે પણ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણનું મંદિર આપણા ગામમાં અડીખમ ઉભેલું છે.

૧૧. શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજની ઉદારતા :

શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજે ઘણુ મોટું મન રાખી ખાસ કરીને ઈ.સ. ૧૯૯૫ માં મંદિરની રજત જયંતિ ઉજવણી વખતે અને ત્યાર પછી તબક્કાવાર ખોંભડી ગામના લગભગ બધાએ પાટીદાર ભાઈઓને લક્ષ્મીનારાયણ પંથમાં સમાવી લીધા. કારણ કે આપણા વડિલોની ઈચ્છા હતી કે આપણું આખું ગામ એક થઈ જાય અને આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ એક માત્ર આપણા આરાધ્યદેવ થઈને શ્રદ્ધાનું કેન્દ્ર બને.

૧૨. સનાતન સમાજમાં જોડાતા નવા ભાઈઓની લેખિત બાંહેધરીઓ :

જ્યારે જ્યારે પાટીદાર ભાઈઓ જગ્યા પંથ (સતપંથ સમાજ) ને છોડી સનાતન સમાજમાં જોડાયા. ખાસ કરીને ઈ.સ. ૧૯૯૫ પછી ત્યારે તેઓએ સમાજને લેખિત બાંહેધરીઓ આપેલ કે તેઓ સમાજના ધારા-ધોરણ તેમજ નીતિ નિયમોનું ચુસ્તપણે પાલન કરશે. અને અમુક વડિલો જેઓ ત્યારે તેમના જીવનની સંધ્યાએ ઉભેલા હતા તેમને જગ્યામાં (જ્યોતિષધામમાં) જવાની ત્રણ વરસની છૂટ આપવામાં આવી અને ત્યાર બાદ આપણે સૌ શ્રી પાટીદાર સનાતન સમાજમાં એક થઈને રહેશું અને એક વહીવટ કરશું એવું નક્કી કરવામાં આવેલ. આનો વિગતવાર ઉલ્લેખ સમાજની તત્કાલીન મિનિટ બુકોમાં કરવામાં આવેલ છે.

૧૩. બન્ને સમાજોની મિલ્કતોનુ એકીકરણ શા માટે નહીં ?

એક વખત એવો હતો કે આપણા સૌ વડિલો પિરાણા સૈયદોની વાતોમાં આવી જઈ, ભોળવાઈને પીરાણા પંથ "જગ્યા પંથ" માં માનતા હતા અને આપણા પૂર્વજો-વડિલોએજ ત્યારે આપણા ખોંભડી ગામનું હાલનું જ્યોતિષ ધામ અને અન્ય જે કાંઈ મિલ્કતો હશે તેનું નિર્માણ કરેલું. ત્યાર બાદ તબક્કાવાર આપણામાં જાગૃતિ આવતી ગઈ અને આપણે સૌ સનાતન ધર્મ (લક્ષ્મીનારાયણ પંથમાં) જોડાતા ગયા અને ખોંભડી પાટીદાર સનાતન સમાજના સભ્ય બનતા ગયા. આજે જ્યારે આપણે બધાએ એક છત્ર-છાયા નીચે શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજના નેજા હેઠળ એક થઈ જ ગયા છીએ ત્યારે આપણા જ પૂર્વજોએ (વડિલોએ) ઉભી કરેલી મિલ્કતો જે આપણી જ છે તેનો વહીવટ આપણી સમાજ હેઠળ શું કામ ન થઈ શકે? તે સર્વે મિલ્કતોનું આપણી સમાજમાં વિલિનીકરણ શા માટે ન કરવું? આ પ્રશ્નોનો ઊંડો વિચાર દરેક સભ્યે અને ખાસ કરીને યુવાનોએ આજે કરવાનો છે.

૧૪. જ્યોતિષધામના પ્રાંગણમાં ભાઈ-બહેનો દાંડીયા-રાસ રમે :

આપણા ઉત્સવો જેવા કે સાતમ-આઠમ, નવરાત્રિ, ભગવાન શ્રી લક્ષ્મીનારયણ મંદિરના પાટોત્સવની ઉજવણી વખતે આપણી બહેનો, વહુ-દિકરીઓ ખુલ્લા ચોકમાં જાહેરમાં ઢોલે-તેમજ દાંડિયા રાસ રમતી રહેલી હોય ત્યારે આપણને નથી લાગતું કે આપણી બહેનો આપણી જ મિલ્કત "જ્યોતિષ ધામ" ના પ્રાંગણમાં બંધબારણે ઢોલે તેમજ દાંડિયા રાસ રમે? જ્યોતિષ ધામના પ્રાંગણમાં આપણે ન રમી શકીએ તેનું કોઈ કારણ જ નથી.

૧૫. સમાજનો વહિવટ એક નેજા હેઠળ :

ક્યા ભગવાનને માનવું? ક્યાં માતાજીને માનવું? ક્યા પીરને માનવું? કોના પર શ્રધ્ધા રાખવી ને કોના પર શ્રધ્ધા ન રાખવી. તે દરેક વ્યક્તિનો અંગત સવાલ છે. ભગવાને દરેકને બુદ્ધિ આપેલી છે. શું સાચું છે, શું ખોટુ છે તેની સમજણ પણ દરેક માનવીને આપેલી છે. પણ જ્યારે સમાજની વાત આવે ત્યારે સામાજીક રીતે આપણે સૌને એક બીજા સાથે સંકળાઈને રહેવું જોઈએ અને સામાજીક રીતે આપણું શ્રધ્ધાનું કેન્દ્ર એકજ હોવું જોઈએ અને સમાજની દરેક મિલ્કતો, અકશ્માયતો નો વહીવટ પણ એક જ હોવો જોઈએ એ સર્વ માન્ય હકીકત છે.

૧૬. ખોંભડી ગામમાં એક સમાજ એક અવાજ :

આ બધી વસ્તુઓ, ચીજો અને સમાજનું એકીકરણ ઈ.સ. ૧૯૯૫ માં અથવા તો ત્યાર પછી બે-ત્રણ વરસમાંજ થઈ જવી જોઈતી હતી. તેની જવાબદારી સમાજના પ્રમુખ-વડિલો તેમજ અગ્રણીઓની હતી. વિલંબ તો થયો જ છે. જે થયું તેનામાં આપણે જતા નથી. પણ હવે પછી આપણી **શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજ** ખોંભડીમાં એકજ અવાજ અને એક જ વિચાર અને એક જ વહીવટ કરતી થાય. તેમાં મને નથી લાગતું કે કોઈ તેનો વિરોધ કરશે. સમાજનું એકીકરણ અને વહીવટ એક કરવાની હવે જવાબદારી યુવાનોના ખંભા ઉપર છે. જો આમ આપણે નહી કરી શકીએ તો આપણી ભાવી પેઢી આપણને કદી માફ નહી કરે. **માટે યુવાનો જાગો, સુતેલાઓને જગાડો, ન સમજતા હોય તેને સમજાવો, સમાજમાં ક્રાંતિ લાવો અને ઈતિહાસમાં તમારૂ નામ અંકે કરાવો.** મને વિશ્વાસ છે કે તમારામાં તેમ કરવાની શક્તિ છે અને ક્ષમતા છે. માત્ર જરૂરત છે આ બાબતોનું ચિંતન અને મનન કરવાની અને સાચાને સાચું કહેવાની.

૧૭. યુવાન મિત્રોને નમ્ર વિનંતી :

મારી શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજના દરેક ભાઈઓને, ખાસ કરીને યુવાન મિત્રોને નમ્ર વિનંતી છે કે દરેક જણ પોતાની ફરજ સમજીને આ બાબતો પર વિચાર કરે, મનન કરે અને જ્યારે આવતા ઉનાળે આપણે પ્રગતિ પાટીદાર મંડળની સુવર્ણ જયંતિ મહોત્સવ ઉજવી રહેલા છીએ તે પહેલા આપણે એકતા અને સંપ જાળવતાં ખોંભડી ગામમાં રહેલ આપણી સર્વે મિલ્કતો અને સંપત્તિઓ જે આપણા પૂર્વજોએ જ ઉભી કરેલી છે તેનો વહીવટ આપણી સમાજ હેઠળ જ થઈ જાય તો ઈતિહાસમાં કચ્છ લેવલે આપણા ગામનું નામ સુવર્ણ અક્ષરે લખાઈ જશે.

માટે દરેક યુવાન મિત્રોને મારી ફરી એક વખત ખાસ વિનંતી છે કે જ્યારે આપણે બધા એક થઈ જ ગયા છીએ તો એક અવાજ અને એક વિચાર સાથે આપણા ગામમાં એક નવી ક્રાંતિ લાવીએ. આપણે બધાએ આપણા વડિલોને અને સમાજના અગ્રણીઓને ભલામણ અને સમજણ આપીએ કે આપણા ગામમાં અને સમગ્ર ખોંભડી પાટીદાર સમાજમાં નીચે જણાવેલ વિચારો પ્રવર્તમાન કરે.

I ખોંભડી ગામના દરેક પાટીદાર ભાઈઓ શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજના નેજા હેઠળ એકતાથી રહે અને સંપ જાળવે.

II લગભગ ૭૦ વરસ પહેલા શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજ ક્યા સંદર્ભમાં અને શા કારણે સ્થાપના કરવામાં આવેલ અને શા મુદદાઓ અને સિધ્ધાંતો ઉપર સ્થાપના કરવામાં આવેલ તેના વિચારો અને તેનું જતન કરવામાં આવે.

III શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજનો દરેક સભ્ય સનાતન સમાજના ધારા-ધોરણ અને નીતિ-નિયમોનું પાલન કરે.

IV ખોંભડી ગામમાં રહેલ જુની સમાજની મિલ્કતો જેવી કે જ્યોતિષધામ, પશ્ચિમ ખોંભડીમાં (આથમણી બાજુ) રહેલો વાડો તેમજ અન્ય કોઈ મિલ્કતો જે હોય તે આપણા પૂર્વજોએ જ વસાવેલ છે તેનું શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજમાં વિલિનીકરણ કરી તેનો વહીવટ એક કરે.

V દરેક ઉત્સવોમાં આપણી બહેનો-દિકરીઓ-વધૂઓ જે લક્ષ્મીનારાયણ ચોકમાં જાહેરમાં અત્રે ઢોલે તેમજ દાંડિયા રાસ રમતી રહેલી છે તેઓ માટે આપણું જ્યોતિષધામ જ્યાં ઘણી બધી ખાલી જગ્યા પડેલી છે તેમાં રમવાનો સમાજ તાબડતોબ બંદોબસ્ત કરી આપે.

મને પૂરેપૂરી ખાત્રી છે કે ગામના દરેક ભાઈ-બહેન, યુવાન મિત્રો ઉપરોક્ત બાબતો પર ઊંડાણથી વિચાર અને ચિંતન કરશે અને ગામની મિલ્કતોનો વહિવટ એક કરવામાં પોતાની સર્વ શક્તિઓ કામે લગાડી દેશે.

મારા યુવાન મિત્રો જેને જ્ઞાતિ અભિમાન છે તેમણે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સેવક લીંબાણી કુળભુષણ ધર્મવીર આધસુધારક શ્રી નારણ રામજી લીંબાણી નું જીવન અને કાર્ય જાણવું હોય તેઓએ શ્રીમાન વાલજી જીવરાજ લીંબાણી લિખિત "કર્તવ્ય પંથે" નામનું પુસ્તક અચૂક વાંચી જવા મારૂ નમ્ર નિવેદન છે.

ઉપરોક્ત બાબતો અંગે તમારા વિચારો આવકાર્ય છે. તમે ફોનથી અથવા તો પત્ર દ્વારા તમારા વિચારો મને જણાવશો તો મને ગર્વ થશે કે ખોંભડી ગામનો દરેક પાટીદાર યુવાન ઉપરોક્ત બાબતોમાં મનન અને ચિંતન કરી રહેલો છે. ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ અને મા ઉમિયા માતાજી સૌને સાચો રાહ બતાવે અને સુખી રાખે એવી પ્રાર્થના અને અપેક્ષા સાથે.

બેંગલોરથી લિખીતંગ,

આપનો વિશ્વાસુ,

રમેશ માવજીભાઈ વાગડીયા

POONAM TIMBERS, 350/1, Nayandahalli, Mysore Road, Bangalore - 560 039.
Tel: Off: 080-28600696 • Res: 56990184 • Fax: 080-28601827
Cell: 0 94482 88332